Extra No. 330

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, SEPTEMBER 11, 2025 / BHADRA 20, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના જાહેરાત ક્રમાંક : GSSSB/202526/301 રેવન્યુ તલાટી વર્ગ-૩ ની જગ્યાઓ પર ભરતી માટેની તા.૧૪/૦૯/૨૦૨૫ના રોજ યોજાનાર પ્રિલિમિનરી પરીક્ષા કામગીરી અંગેની સૂચનાઓ/માર્ગદર્શિકા

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ - ૧૬૩

જાહેરનામું

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૧૧૫૮ થી ૧૧૨૨૩/૨૦૨૫.-સંદર્ભ - ૧ની પરીક્ષા કામગીરી અંગેની સુચનાઓ / માર્ગદર્શિકાની વિગતોએ પાટણ જિલ્લામાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આગામી તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના જાહેરાત ક્રમાંક : GSSSB/202526/301 રેવન્યુ તલાટી વર્ગ-૩ ની જગ્યાઓ પર ભરતી માટેની પ્રિલિમિનરી પરીક્ષા પાટણ જિલ્લામાં જુદા - જુદા પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઈ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસ વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે પાટણ શહેરમાં આવેલા પરીક્ષા કેન્દ્રો / બિલ્ડીંગની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

વાસ્તે હું વી.સી.બોડાણા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના જાહેરાત ક્રમાંક : GSSSB/202526/301 રેવન્યુ તલાટી વર્ગ-૩ ની જગ્યાઓ પર ભરતી માટેની પ્રિલિમિનરી પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પાટણ જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ ૧ મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ પરીક્ષા સમય દરમિયાન મોબાઈલ/ સેલ્યુલર/ફોન/પેજર/કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી. પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષા સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવુ અથવા ભેગા થઈ શકશે / થવુ નહી. સુત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહી, પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઈ જવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન તથા સ્કેનીંગની સુવિધા ધરાવાતા કેન્દ્રો ચાલુ રાખવા નહી. કોઈપણ વ્યક્તિ / સંસ્થાને પરીક્ષા સમય દરમિયાન માઈક / લાઉડ સ્પીકર વગડવા / વગાડવાની મંજુરી ન આપવા ફરમાવું છું.

અપવાદ :-

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પાટણ/સિધ્ધપુર/રાધનપુર/સમી તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તમામ જિ.પાટણ

(૩) ફલાઈંગ સ્કવોર્ડના તમામ અધિકારીશ્રી

(૪) પરીક્ષા કેન્દ્રની શાળાના કેમ્પસ / બિલ્ડિંગમાં જે - તે પરીક્ષા કેન્દ્ર શાળામાં સદર પરીક્ષા સંબંધિત સુચનાઓ/જાહેરાત કરવા રોકાયેલ સ્ટાફના માણસો.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉપરનો હોદો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગ રીતે હુકમની બજવણી કરવી / કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

પરિશિષ્ટ - ૦૧

ક્રમ	પેટા કેન્દ્ર(શાળા/કોલેજ નું નામ)	પેટાકેન્દ્ર નું સરનામું
1	આર બી પટેલ સ્વામીનારાયણ ગુરુકુલ, સિધ્ધપુર (65982)	મુ.પો.સિધ્ધપુર, દેથાલિ ચાર રસ્તા,મધવ નગર,સિધ્ધપુર
2	ગોકુલ પબ્લિક સ્કુલ સિધ્ધપુર યુનિટ- 1 (65984)	સુજનપુર હાઈવે રોડ, સિધ્ધપુર
3	ગોકુલ પબ્લિક સ્કુલ સિધ્ધપુર યુનિટ-2 (65986)	સુજાનપુર હાઈવે રોડ, સિધ્ધપુર
4	શેઠ એલ એસ હાઈસ્કુલ, સિધ્ધપુર (65988)	સિધ્ધપુર મુક્તિધામ રીવર રોડ, સિધ્ધપુર, જી-પાટણ
5	પી જે ગલ્સ હાઈસ્કુલ, સિધ્ધપુર (65990)	સિધ્ધપુર મુક્તિધામ રિવર રોડ, સિધ્ધપુર જી-પાટણ
6	એમ પી હાઈસ્કુલ, સિધ્ધપુર (65993)	સિધ્ધપુર મુક્તિધામ રિવર રોડ,સિધ્ધપુર જી-પાટણ
7	શ્રી સ્થલ ઈગ્લીશ સ્કુલ, સિધ્ધપુર (65995)	સિધ્ધપુર મુક્તિ ધામ રિવર રોડ, સિધ્ધપુર જી-પાટણ
8	ટી એન્ડ એચ ઈડનવાલા હાઈસ્કુલ, સિધ્ધપુર (65999)	જાપડી પોળ, પોલીસ લાઈન નજીક, સિધ્ધપુર
9	અભિનવ હાઈસ્કુલ, સિધ્ધપુર (66000)	સિધ્ધપુર મુક્તિધામ રિવર રોડ, સિધ્ધપુર, જી-પાટણ
10	C26 પાયોનિયર સ્કુલ ઓફ સાયન્સ (6088)	યુનિટ-1 મુ.પો.તા.પાટણ, ગોલાપુર, ચાણસ્મા હાઈવે રોડ, જી. પાટણ
11	પાયોનિયર સેકન્ડરી & હાયર સેક. સ્કુલ, ગોલાપુર (44591)	યુનિટ-2 મુ.પો., ગોલાપુર, ચાણસ્મા હાઈવે રોડ, તા. પાટણ જી. પાટણ
12	C લોર્ડ ક્રિષ્ણા સ્કૂલ ઓફ સાયન્સ (14403)	યુનિટ-૧ મુ.પો. તા. પાટણ, ઉઝા હાઈવે રોડ, માંડોત્રી પાટીયા પાસે, MRK હેલ્થ કેર નજીક, જી. પાટણ
13	લોર્ડ ક્રિષ્ણા સ્કૂલ ઓફ સાયન્સ યુ-૨ (44601)	મુ.પો. તા. પાટણ, ઉઝા હાઈવે રોડ, માંડોત્રી પાટીયા પાસે, MRK હેલ્થ કેર નજીક જી. પાટણ
14	ક્રિશ્ના ઈન્ટરનેશનલ સ્કુલ પાટણ યુનિટ-3 (66006)	મુ.પો. તા. પાટણ, ઉઝા હાઈવે રોડ, માંડોત્રી પાટીયા પાસે, MRK હેલ્થ કેર નજીક જી. પાટણ
15	એકલવ્ય સ્કૂલ ઓફ સાયન્સ, પાટણ. (41787)	નુતન સોસાયટીની સામે, સિદ્ધપુર રોડ, પાટણ. જિ: પાટણ
16	આનંદ પ્રકાશ માધ્યમિક શાળા (19098)	મુ.પો.તા. પાટણ, ટી. બી. ત્રણ રસ્તા, જિ. પાટણ.
17	C 9 શ્રી એસ એમ દેસાઈ ગોપાલક હાઈસ્કુલ (4821)	મુ.તા. જી. પાટણ. માતરવાડી, ડીસા હાઈવે રોડ, પાટણ.
18	નિમા વિદ્યાલય માતરવાડી (66007)	ડીસા હાઈવે પાટણ
19	ઓક્ષફર્ડ ઈંગ્લીશ સ્કુલ, પાટણ (44599)	સરકારી નર્સરી, ડુંગરી પુરા રોડ, પાટણ-ઉઝા હાઈવે, પાટણ
20	C પી. એમ. પટેલ ગુરુકુળ વિધ્યાવિહાર (14401)	મુ.પો. હંસપુર, ત્રણ રસ્તા, ઉઝા રોડ, તા. જિ: પાટણ.
21	C 10 કે. વી. પટેલ મેમોરીયલ હાઈસ્કૂલ (14399)	અમ્બાજી નેરિયા,ચાણસ્મા હાઈવે રોડ, પાટણ, જી. પાટણ

ક્રમ	પેટા કેન્દ્ર(શાળા/કોલેજ નું નામ)	પેટાકેન્દ્ર નું સરનામું
22	જ્ઞાન મંદિર ઉ.મા. શાળા પાટણ (19078)	મુ.પો.તા. પાટણ, પદ્મનાભ ચાર રસ્તા, જિ. પાટણ
23	આશિષ વિદ્યાલય પાટણ યુનિટ-1 (66009)	ટંકવાડા ચાર રસ્તા, પાટણ
24	આશિષ વિદ્યાલય પાટણ યુનિટ-2 (66010)	ટંકવાડા ચાર રસ્તા, પાટણ
25	C 13 શેઠ વી કે ભૂલા હાઈસ્કૂલ (14396)	મુ.પો.તા. પાટણ, રેલ્વે સ્ટેશન રોડ, જી. પાટણ
26	C 11 શેઠ બી એમ હાઈસ્કૂલ (14397)	મુ.પો.તા. પાટણ,પ્રગતિ મેદાન સામે, જી. પાટણ
27	સરસ્વતી માધ્યમિક શાળા (શિશુ મંદિર) પાટણ (66013)	પારવા સર્કલ, પાટણ
28	યુ બી ભારતી વિદ્યાલય, પાટણ (66014)	ટી.બી.ત્રણ રસ્તા, પાટણ
29	અરવિંદ જીવાભાઈ એક્સ. પ્રાથમિક શાળા (19119)	મુ.પો. તા. પાટણ, રાજમહેલ રોડ, કોલેજ કેમ્પસ, જિ. પાટણ.
30	ભગવતી ઈન્ટરનેશનલ સ્કૂલ (19663)	રાજમહેલ રોડ, કોલેજ કેમ્પસ, મુ. તા. જી. પાટણ
31	શ્રીમતી ટી.એસ.આર.કોમર્સ કોલેજ, પાટણ યુનિટ-1 (66016)	કોલેજ કેમ્પસ,રાજમહેલ રોડ, પાટણ
32	શ્રીમતી ટી.એસ.આર.કોમર્સ કોલેજ, પાટણ યુનિટ-2 (66017)	કોલેજ કેમ્પસ,રાજમહેલ રોડ, પાટણ
33	પી.કે.કોટવાલા આર્ટ્સ કોલેજ પાટણ યુનિટ-1 (66019)	કોલેજ કેમ્પસ રાજમહેલ રોડ, પાટણ
34	પી.કે.કોટવાલા આર્ટ્સ કોલેજ પાટણ યુનિટ-2 (66020)	કોલેજ કેમ્પસ રાજમહેલ રોડ, પાટણ
35	એલ એન કે કોલેજ ઓફ એજ્યુકેશન પાટણ (66022)	કોલેજ કેમ્પસ રાજમહેલ રોડ,પાટણ
36	C31 શેઠ એમ એન લો કોલેજ (4826)	રાજમહેલ રોડ કોલેજ કેમ્પસ પાટણ
37	C 6 આદર્શ વિધાલય Unit 1 (4842)	રાજમહેલ રોડ, બસ સ્ટેશન, પાટણ, જી. પાટણ
38	C 7 આદર્શ વિધાલય Unit 2 (4852)	રાજમહેલ રોડ, બસ સ્ટેશન રોડ, પાટણ, જી. પાટણ
39	C21 આદર્શ પ્રગતિ વિધાલય (4843)	રાજ મહેલ રોડ,બસ સ્ટેશન રોડ, પાટણ, જી. પાટણ
40	આદર્શ સાયંસ કોલેજ પાટણ (66023)	આદર્શ કોલેજ કેમ્પસ પાટણ
41	શેઠ બી.ડી.હાઈસ્કુલ પાટણ (66027)	ફતીપલ દરવાજા,પાટણ
42	શ્રી બી ડી એસ આર્ટ્સ એન્ડ સાયન્સ કોમર્સ કોલેજ પાટણ (66029)	બી.ડી.હાઈસ્કુલ ફતીપલ દરવાજા પાટણ
43	શેઠ એમ એન હાઈસ્કુલ પાટણ યુનિટ-1 (66031)	રંગીલા હનુમાન મંદિર નજીક, રાણકી વાવ રોડ પાટણ

આજ રોજ તા. ૧૧/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

વી. સી. બોડાણા GAS,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:35:21 IST